# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-08-2025** **EVENING: 7.50 TO 8.00**

**Day : SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર નિશા શ્રીમાળી વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, તેમની સરકાર ભારતીયોના સક્રિય સમર્થનથી 2047 સુધીમાં વિકાસિત ભારતને શક્ય બનાવવાનો ઇરાદો ધરાવે છે.
2) પ્રધાનમંત્રીએ અમૃતસર–શ્રી માતા વૈષ્ણોદેવી કટરા વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપી.
3) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે મધ્યપ્રદેશમાં ૧ હજાર ૮૦૦ કરોડ રૂપિયાના BEML રેલ હબ બાંધકામ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો
4) કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે દ્વારકા ખાતે કહ્યું કે ગુજરાતનો બરડા પ્રદેશ સિંહોનું બીજું નિવાસસ્થાન
5) હવામાન વિભાગે આગામી 6 થી 7 દિવસ ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ, આસામ, સિક્કિમ, બિહાર, મેઘાલય અને અરુણાચલ પ્રદેશમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM-Bengaluru

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જણાવ્યું હતું કે, તેમની સરકાર ભારતીયોના સક્રિય સમર્થનથી 2047 સુધીમાં વિકાસિત ભારતને શક્ય બનાવવાનો ઇરાદો ધરાવે છે. બેંગલુરુમાં નમ્મા મેટ્રોના ત્રીજા તબક્કાના ઉદ્ઘાટન બાદ બોલતા તેમણે સુધારા, પ્રદર્શન અને પરિવર્તન દ્વારા ભારતને વિકસિત દેશ બનાવવા માટે તેમની સરકારે લીધેલા પગલાંઓની માહિતી આપી. તેમણે કહ્યું કે, આ યાત્રા 2014 પહેલા જ્યારે ભારત 10 દેશોમાં હતું ત્યારે શરૂ થઈ હતી. હવે ભારતીય અર્થતંત્ર પાંચમું સૌથી મોટું અને ઝડપી અર્થતંત્ર છે. મેટ્રો રેલ પાંચ શહેરોથી 24 શહેરોમાં વિકસ્યું છે અને મેટ્રો નેટવર્કની દ્રષ્ટિએ વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમનું સૌથી મોટું છે.

[S/B- PM MODI ON CONOMY -43 SECS]

પ્રધાનમંત્રીએ ઓપરેશન સિંદૂરમાં ભારતીય દળોની સફળતા પર પ્રકાશ પાડ્યો, સરહદ પાર આતંકવાદી ઠેકાણાઓનો નાશ કરવાની તેમની ક્ષમતાનો ઉલ્લેખ કર્યો. તેમણે આતંકવાદીઓનો બચાવ કરવા આવેલા પાકિસ્તાનને કલાકોમાં ઘૂંટણિયે પડવા માટે મજબૂર કરવામાં ભારતની શક્તિ પર ભાર મૂક્યો, જે કલાકોમાં જ આતંકવાદીઓનો બચાવ કરવા માટે આવ્યું હતું.

અગાઉ, પ્રધાનમંત્રીએ બેંગલુરુમાં લગભગ 22,800 કરોડ રૂપિયાના મેટ્રો પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો.

(BYTE- PM- MAKE IN INDIA)

----------------

# Jammu and Kashmir - Vande Bharat

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે અમૃતસર–શ્રી માતા વૈષ્ણોદેવી કટરા વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપી. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ અમૃતસર અને શ્રી માતા વૈષ્ણોદેવી કટરા સ્ટેશન વચ્ચે વંદે ભારત ટ્રેનને સમર્પિત કરવા બદલ પ્રધાનમંત્રીનો આભાર માન્યો, એમ આકાશવાણીના જમ્મુ સંવાદદાતાએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે નવી વંદે ભારત ટ્રેન શ્રી માતા વૈષ્ણોદેવીના ભક્તો માટે મુસાફરીને સરળ બનાવશે અને સ્થાનિક અર્થતંત્રના વિકાસને વેગ આપશે. લેફ્ટનન્ટ ગવર્નરે કહ્યું કે પ્રધાનમંત્રીના નેતૃત્વમાં, જમ્મુ અને કાશ્મીરના પરિવહન માળખા, ખાસ કરીને રેલ્વેમાં અસાધારણ વિકાસ થયો છે.

શ્રી માતા વૈષ્ણોદેવી કટરા–અમૃતસર વંદે ભારત એક્સપ્રેસ સવારે 6.40 વાગ્યે કટરાથી ઉપડશે અને તે જ દિવસે બપોરે 12.20 વાગ્યે અમૃતસર પહોંચશે. પરત ફરતી વખતે, ટ્રેન નંબર 26405 અમૃતસર– શ્રી માતા વૈષ્ણો દેવી કટરા વંદે ભારત એક્સપ્રેસ અમૃતસરથી સાંજે 4.25 વાગ્યે ઉપડશે અને રાત્રે 10 વાગ્યે કટરા પહોંચશે. આ ટ્રેન મંગળવાર સિવાય અઠવાડિયામાં છ દિવસ ચાલશે.

----------------

# PM - MP Flat

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીમાં બાબા ખારક સિંહ માર્ગ પર સાંસદો માટે ૧૮૪ નવા બનેલા ટાઇપ–૭ બહુમાળી ફ્લેટનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે, પ્રધાનમંત્રી રહેણાંક સંકુલમાં સિંદૂરનો છોડ પણ લગાવશે, કામદારો સાથે વાતચીત કરશે

અને સભાને સંબોધિત કરશે. પ્રધાનમંત્રી કાર્યાલયે જણાવ્યું છે કે દરેક રહેણાંક એકમનો વિસ્તાર લગભગ પાંચ હજાર ચોરસ ફૂટ છે, જે રહેણાંક અને સત્તાવાર કાર્યો બંને માટે પૂરતી જગ્યા પૂરી પાડે છે. ઓફિસો, સ્ટાફ રહેઠાણ અને સમુદાય કેન્દ્ર માટે સમર્પિત વિસ્તારોનો સમાવેશ સાંસદોને જન પ્રતિનિધિઓ તરીકે તેમની જવાબદારીઓ નિભાવવામાં મદદ કરશે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સંકુલની અંદરની બધી ઇમારતો આધુનિક માળખાકીય ડિઝાઇન ધોરણો અનુસાર ભૂકંપ પ્રતિરોધક બને તે રીતે ડિઝાઇન કરવામાં આવી છે. બધા રહેવાસીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે એક વ્યાપક અને મજબૂત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

----------------

# Madhya Pradesh - Rajnath BEML Rail

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે મધ્યપ્રદેશમાં ૧૮૦૦ કરોડ રૂપિયાના BEML રેલ હબ બાંધકામ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો. રેલ કોચ ઉત્પાદનનો 'બ્રહ્મ' તરીકે ઓળખાતો આ પ્લાન્ટ રાયસેન જિલ્લાના ઉમરિયા ગામમાં ૬૦ હેક્ટરથી વધુ જમીન પર સ્થાપિત કરવામાં આવશે. તેનાથી પાંચ હજારથી વધુ લોકોને રોજગારી મળવાની

અપેક્ષા છે. આ યુનિટ વંદે ભારત, અમૃત ભારત અને મેટ્રો ટ્રેનો માટે કોચ બનાવશે.

આ પ્રસંગે, સંરક્ષણ મંત્રીએ કહ્યું કે આ યુનિટનું નામ ભારતીય પરંપરાના સર્જકના નામ પરથી 'બ્રહ્મ' રાખવામાં આવ્યું છે અને ભારતમાં હાઇ-સ્પીડ ટ્રેનો અહીં ઉત્પાદિત કોચથી સજ્જ હશે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે વર્ચ્યુઅલી કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે પણ સભાને સંબોધિત કરી હતી.

----------------

# ઉત્તરાખંડ - હવામાન

ઉત્તરાખંડમાં, તાજેતરની કુદરતી આફત બાદ ઉત્તરકાશી જિલ્લાના ધરાલી વિસ્તારમાં આજે સતત છઠ્ઠા દિવસે રાહત અને બચાવ કામગીરી ચાલુ છે. ઉત્તરાખંડ પોલીસે જણાવ્યું છે કે, અસરગ્રસ્ત વિસ્તારોમાં ખાદ્યાન્ન અને આવશ્યક ચીજવસ્તુઓ પહોંચાડવાની સાથે, ફસાયેલા લોકોને પહોંચાડવામાં આવી રહ્યા છે.

ભારતીય હવામાન વિભાગ (IMD) એ આગામી 6 થી 7 દિવસ દરમિયાન ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ, આસામ, સિક્કિમ, બિહાર,

મેઘાલય અને અરુણાચલ પ્રદેશમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. IMD એ આગામી 7 દિવસ દરમિયાન ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં પણ આવી જ સ્થિતિની આગાહી કરી છે.

---------------

## NATIONAL Mandaviya - Fit India

રમતગમત અને યુવા બાબતોના મંત્રી મનસુખ માંડવિયાએ આજે જણાવ્યું હતું કે ફિટ ઇન્ડિયા સન્ડે ઓન સાયકલ ઝુંબેશ દેશભરમાં 40 હજારથી વધુ સ્થળોએ સાત લાખથી વધુ સહભાગીઓ સુધી પહોંચી છે. શ્રી માંડવિયાએ આજે દિલ્હીમાં સન્ડે ઓન સાયકલ ફિટ ઇન્ડિયા કાર્યક્રમમાં ભાગ લેતી વખતે આ વાત કહી હતી. આ કાર્યક્રમ દરમિયાન, શ્રી માંડવિયાએ પંચાયત પ્રતિનિધિઓ સાથે 35મી ફિટ ઇન્ડિયા સન્ડે ઓન સાયકલ તિરંગા રેલીને લીલી ઝંડી આપી હતી. તેમણે એ વાત પર ભાર મૂક્યો હતો કે દેશભરના 50 હજારથી વધુ ગામડાઓના પંચાયત પ્રતિનિધિઓએ તેમાં ભાગ લીધો છે અને ગ્રામીણ ભારતમાં ફિટ ઇન્ડિયાનો સંદેશ ફેલાવ્યો છે.

---------------

## CBI-BUST

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) એ મહારાષ્ટ્રના નાસિકના ઇગતપુરીમાં એક રિસોર્ટના ભાડાના મકાનમાંથી છ લોકો દ્વારા સંચાલિત કોલ સેન્ટર રેકેટનો પર્દાફાશ કર્યો હતો.

સીબીઆઇએ વિશાલ યાદવ, અભય રાજ, સમીર, શાહબાઝ અને દુર્ગેશ તરીકે ઓળખાતા પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓએ એકબીજા અને અન્ય અજાણ્યા વ્યક્તિઓ સાથે ગુનાહિત કાવતરું ઘડ્યું હોવાનો આરોપ છે. તેમણે ફિશિંગ કોલ/છેતરપિંડીભર્યા કોલ કરીને અને એમેઝોન સપોર્ટ સર્વિસીસ કોલ સેન્ટર તરીકે ઓળખાતા ગેરકાયદેસર કોલ સેન્ટરમાંથી નકલી ઓળખ બનાવીને નાણાકીય છેતરપિંડી કરી હતી.

CBI ના જણાવ્યા મુજબ, આરોપીઓ અમેરિકા, કેનેડા અને અન્ય દેશોના નાગરિકોને છેતરપિંડી કરી રહ્યા હતા. આરોપીઓએ ગેરકાયદેસર કોલ સેન્ટર ચલાવવા માટે ડાયલર્સ, વેરિફાયર અને ક્લોઝર સહિત લગભગ 60 ઓપરેટરોની ભરતી કરી હતી.

તપાસ દરમિયાન 44 લેપટોપ, 71 મોબાઇલ ફોન અને અન્ય ગુનાહિત ડિજિટલ પુરાવા મળ્યા છે. આ ઉપરાંત, ૧ કરોડ ૨૦ લાખ રૂપિયાની બિનહિસાબી રોકડ, ૫૦૦ ગ્રામ સોનું અને ૧ કરોડ રૂપિયાની કિંમતની સાત લક્ઝરી કાર પણ મળી આવી હતી. લગભગ 5 હજાર USDT ક્રિપ્ટોકરન્સી એટલે કે 5 લાખ રૂપિયા અને 2 હજાર કેનેડિયન ડોલરના ગિફ્ટ વાઉચરના વ્યવહારો મળી આવ્યા છે.

----------------

# CBI-BUST

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) એ મહારાષ્ટ્રના નાસિકના ઇગતપુરીમાં એક રિસોર્ટના ભાડાના મકાનમાંથી છ લોકો દ્વારા સંચાલિત કોલ સેન્ટર રેકેટનો પર્દાફાશ કર્યો હતો.

સીબીઆઇએ વિશાલ યાદવ, અભય રાજ, સમીર, શાહબાઝ અને દુર્ગેશ તરીકે ઓળખાતા પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓએ એકબીજા અને અન્ય અજાણ્યા વ્યક્તિઓ સાથે ગુનાહિત કાવતરું ઘડ્યું હોવાનો આરોપ છે. તેમણે ફિશિંગ કોલ/છેતરપિંડીભર્યા કોલ કરીને અને એમેઝોન સપોર્ટ સર્વિસીસ કોલ સેન્ટર તરીકે ઓળખાતા ગેરકાયદેસર કોલ સેન્ટરમાંથી નકલી ઓળખ બનાવીને નાણાકીય છેતરપિંડી કરી હતી.

CBI ના જણાવ્યા મુજબ, આરોપીઓ અમેરિકા, કેનેડા અને અન્ય દેશોના નાગરિકોને છેતરપિંડી કરી રહ્યા હતા. આરોપીઓએ ગેરકાયદેસર કોલ સેન્ટર ચલાવવા માટે ડાયલર્સ, વેરિફાયર અને ક્લોઝર સહિત લગભગ 60 ઓપરેટરોની ભરતી કરી હતી.

તપાસ દરમિયાન 44 લેપટોપ, 71 મોબાઇલ ફોન અને અન્ય ગુનાહિત ડિજિટલ પુરાવા મળ્યા છે. આ ઉપરાંત, ૧ કરોડ ૨૦ લાખ રૂપિયાની બિનહિસાબી રોકડ, ૫૦૦ ગ્રામ સોનું અને ૧ કરોડ રૂપિયાની કિંમતની સાત લક્ઝરી કાર પણ મળી આવી હતી. લગભગ 5 હજાર USDT ક્રિપ્ટોકરન્સી એટલે કે 5 લાખ રૂપિયા અને 2 હજાર કેનેડિયન ડોલરના ગિફ્ટ વાઉચરના વ્યવહારો મળી આવ્યા છે.

---------------